જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૭૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૯૭ કેસ કરી, ૮૯ વ્યક્તિઓને ઝડપી, ૩૬૬ લીટર દેશી દારૂ, ૩૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૭૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૧૭૫/૧૭**

**સેટેલાઇટઃ** ચીન્મય મહેંદ્રકુમાર ગાંધી (રહે. સુમેરુ બંગલોઝ રામદેવનગર સેટેલાઇટ) એ તા.૨૬/૧૦/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. તા.૧૫/૧૦/૧૭ કલાક ૬/૦૦ થી તા.૨૬/૧૦/૧૭ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીના સળીયા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૩,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.રાણા ચલાવે છે.

**નિકોલઃ** જીગ્નેશભાઇ ઘનશ્યામભાઇ પટેલ (રહે. પરષોત્તમનગર સ્વામીનારાયણનગરની સામે નીકોલ) એ તા.૨૬/૧૦/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. તા.૨૦/૧૦/૧૭ સાંજના ૭/૩૦ થી તા.૨૬/૧૦/૧૭ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૪૦,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૨૧૭૬/૧૭**

**નવરંગપુરાઃ** સજનબહેન રામાજી ચાવડા (રહે.માંતગી સોસાયટી પરેશભાઇ દલાલના મકાનમા લૉ-ગાર્ડન ચોકી સામે નવરંગપુરા) તા.૨૬/૧૦/૧૭ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે અનુપમ એપાર્ટમેન્ટ માતંગી સોસાયટીની આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ સજનબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સજનબહેન ચાવડાએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૧૭૭/૧૭**

**સરખેજઃ** સરખેજ ગોકુલનગર ખાતે મામાના ઘરે આવેલ આદર્શ ચંદ્રપ્રકાશ ત્રીપાઠી (ઉ.વ.૪) (રહે. સ્નેહ સંકલ્પ બિલડીંગ લવજી રેલ્વે સ્ટેશન પાસે ગામ-પમ્પોલી જી-રાયગઢ મહારાષ્ટ્ર) તા.૨૬/૧૦/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મામાના ઘરે અંડરગ્રાઉંડ પાણીની ટાંકીમાંથી બેભાન હાલતમાં મળી આવતા સારવાર માટે વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.શીયાળીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૮/૧૭**

**રીવરફ્રંટ વેસ્ટઃ** સૈયદ રસીદ બસીરભાઇ (રહે.રસુલ દર્ગા સામેના છાપરા બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા એન.આઈ.ડી. પાછળ ઘાટ નંબર-૧૧ સરદારબ્રીજ નીચે વોક-વે ના ભાગે નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયકભાઇ લક્ષ્મણભાઇ ચલાવે છે.

**રીવરફ્રંટ ઇસ્ટઃ** જીનલબહેન ભરતભાઇ વાસદીયા (ઉ.વ.૫૬) (રહે. શિવમ સોસાયટી ગોતમનગર ચાર રસ્તા બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૧૭ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલા નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સાગર અશોકભાઇ કાકડિયા (ઉ.વ.૨૪) (રહે. અર્ણન સોસાયટી ચાર રસ્તા કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૧૭ સાંજના ૫/૪૦ થી રાતના ૧૦/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.વહોનીયા ચલાવે છે.

**નિકોલઃ** ધનજીભાઇ હંશરાજભાઇ પટણી (ઉ.વ.૬૦) (રહે. બળીયાદેવનો ટેકરો પંચવટી મંગલપાડે હોલની સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૦/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવીણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

**ખોખરાઃ** નારાયનભાઇ બાબુભાઇ દગડે (ઉ.વ.૫૩) (રહે. પંજાબી તાળાવાળાની ચાલી ભાઇપુરા ખોખરા) એ બીમારીથી કંટાળી તા.૨૬/૧૦/૧૭ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી દીવાસળી ચાપી દીધી હતી. સારવાર માટે રતન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.